રાજય સરકાર હસ્તકની આશ્રમશાળાઓની હાલની વ્યવસ્થાનો અભ્યાસ કરીને ભલામણો આપવા માટે સમિતિની રચનામાં ફેરફાર કરવા બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: SJED/ASC/CourtCase/17/2023/2728/K,

સચિવાલય, ગાંધીનગર

તા.૨૧/૧૦/૨૦૨૪

વંચાણે લીધાં:

(૧) શિક્ષણ વિભાગનો તા.૨૩/૦૮/૧૯૭૩ નો ઠરાવ ક્રમાંક : BBC-1069/37956-chh

(૨) શિક્ષણ વિભાગનો તા.૦૮/૧૨/૧૯૯૯ નો ઠરાવ ક્રમાંક : પીઆરઇ-૧૩૯૯-ઇએમ-૬૮-ક

(3) R/SCA NO : 9134 of 2005માં નામ.ગુજરાત હાઇકોર્ટનો તા.૦૬/03/૨૦૨૪નો ઓરલ ઓર્ડર

(૪) મુખ્ય સચિવશ્રી દ્વારા SCA-9134/2005માં દાખલ કરવામાં આવેલ સોગંદનામું

(૫) વિભાગનો તા.૦૮/૦૪/૨૦૨૪નો ઠરાવ ક્ર: SJED/ASC/CourtCase/17/2023/2728/K

(૬) સામાન્ય વહીવટ વિભાગનું તા.૩૧/૦૭/૨૦૨૪નું જાહેરનામુ ક્રમાંક: AIS/35.2024/24/G

(૭) સામાન્ય વહીવટ વિભાગનું તા.૦૯/૧૦/૨૦૨૪નું જાહેરનામુ ક્રમાંક: AIS/35.2024/35/G

આમુખ:

વંચાણે લીધેલ ક્રમ-(૧) પરના શિક્ષણ વિભાગના તા.૨૩/૦૮/૧૯૭૩ ના ઠરાવથી રાજયની આશ્રમશાળાના કર્મચારીઓને lienનો લાભ આપવામાં આવેલ હતો. આ લાભ ઉક્ત વંચાણે લીધેલ ક્રમ-(૨) પરના શિક્ષણ વિભાગના તા.૦૮/૧૨/૧૯૯૯ના ઠરાવથી રદ કરવામાં આવેલ છે. જેના અનુસંધાને ગુજરાત રાજ્ય આશ્રમશાળા કર્મચારી સંઘ દ્વારા નામ. ગુજરાત વડી અદાલતમાં R/SCA NO : 23626 of 2005 with R/SCA NO: 9212 of 2010 with R/SCA NO: 9134 of 2005 દાખલ કરવામાં આવેલ છે. ઉક્ત કોર્ટ કેસમાં વંચાણે લીધેલ ક્રમ-(3) પરના નામદાર ગુજરાત વડી અદાલતના તા.૦૬/03/૨૦૨૪ ના હુકમથી પ્રસ્તુત ખાસ

દિવાની અરજી (SCA)ને જાહેરહિતની અરજી(PIL)માં પરિવર્તિત કરેલ હતી. વધુમાં, સદર કોર્ટ કેસ અન્વયે આદિજાતિ વિકાસ વિભાગ અને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકની આશ્રમશાળાઓમાં Right To Education Act, 2009 ના મૂળભૂત હેતુ સિદ્ધ થઇ શકે તે હેતુસર યોગ્ય વ્યવસ્થા ગોઠવવા અંગે જરૂરી ભલામણો મેળવવા માટે રાજ્ય સરકાર દ્વારા વંચાણે લીધેલ ક્રમ-(૫) પરના વિભાગના તા.૦૮/૦૪/૨૦૨૪ના ઠરાવથી એક સમિતિની રચના કરવામાં આવેલ હતી. પરંતુ, વંચાણે લીધેલ ક્રમ-(૬) અને ક્રમ-(૭) પરના સામાન્ય વહીવટ વિભાગના જાહેરનામાથી સમિતિના અધ્યક્ષ અને સભ્યોની બદલી થયેલ હોઇ, સમિતિના સભ્યોની સિનિયોરીટી ધ્યાને લેતાં, સદર સમિતિના માળખામાં ફેરફાર કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

<u>સુધારા ઠરાવ</u>:-

કાળજીપૂર્વકની વિચારણાને અંતે, આશ્રમશાળાઓની વર્તમાન વ્યવસ્થાનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરી, આશ્રમશાળામાં હાલ અભ્યાસ કરતાં રાજ્યના અનુસૂચિત જનજાતિ, અનુસૂચિત જાતિ અને સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને નિ:શુલ્ક અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ મળી રહે અને તેના થકી Right To Education Act, 2009 ના તમામ ઉદ્દેશ્યોને પરિપૂર્ણ કરી શકાય તેવી યોગ્ય વ્યવસ્થા ગોઠવવા બાબતે જરૂરી ભલામણો કરવા માટે અગાઉ રચવામાં આવેલ સમિતિના માળખામાં ફેરફાર કરી નીચે મુજબની સમિતિની આથી રચના કરવામાં આવે છે.

| ક્રમ | અધિકારીશ્રીઓ | હોદ્દો |
|---|---|---|
| ૧ | અધિક મુખ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ | અધ્યક્ષ |
| ૨ | અગ્ર સચિવશ્રી(નાણાં), નાણાં વિભાગ | સભ્ય |
| ૩ | અગ્ર સચિવશ્રી(પ્રાથમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ | સભ્ય |
| ૪ | અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | સભ્ય |
| ૫ | કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ | સભ્ય સચિવ |
| ૬ | નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ | સભ્ય |
| ૭ | નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ | સભ્ય |
| ૮ | નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ | સભ્ય |

ઉક્ત સમિતિનાં કાર્યો વંચાણે લીધેલ ક્રમ-(૫) પરના વિભાગના તા.૦૮/૦૪/૨૦૨૪ના ઠરાવથી નક્કી થયેલ છે તે મુજબ યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઇલ પર મળેલ મુખ્ય સચિવશ્રીની તા.૨૧/૧૦/૨૦૨૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: JIGAR GIJUBHAI PATEL
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 21-Oct-2024 (06:38 PM)

(જીગર પટેલ)

નાયબ સચિવ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના:

- માન.મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(આદિજાતિ વિકાસ અને શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ(ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ), સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (નાણાં), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (પ્રાથમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર.

- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ.
- સિલેક્ટ ફાઇલ-૨૦૨૪